# જેકવારે યુરો સેનિટરી વેર કંપની રૂા. ૧૦૦ કરોડમાં ખરીદી

અમદાવાદ,

ભારતની અવ્વલ સંપૂર્ણ બાથરૂમ નિવારણોની કંપની જેકવાર ગ્રુપે રૂા. ૧૦૦ કરોડના સોદાં કચ્છ સ્થિત યુરો સેરામિક્સ લિ.ના એકમો અને અસ્ક્યામતો સહિત ઉત્પાદન એકમ હસ્તક લઈને સેનિટરી વેર ઉદ્યોગમાં તેનુ અવ્વલ સ્થાન સ્થાપિત કર્યુ છે. કચ્છના ભચાઉમાં યુરો સેરામિક્સ પ્લાન્ટ ૧૭ એકરમાં પથરાયેલો છે. અને એશિના સૌથી આધુનિક સેનિટરી વેર ઉત્પાદન એકમમાંથી એક છે. આ વ્યૂહાત્મક સોદા સાથે જેકવારે ગ્રુપનું ઉત્પાદન ભારતમાં ૫ એકમ અને સાઉથ કોરિયામાં ૧ એકમમાં લગભગ ૨૪૮,૦૦૦ ચો.મી.માં ફેલાયેલું છે. આ અવસરે બોલતા જેકવાર ગ્રુપના પ્રમોટર અને ડાયરેક્ટર રાજેશ મહેરાએ જણાવ્યું હતું કે ઉત્પ્દન જેક્વાર ગ્રુપની કામગીરીમાં હંમેશા મુખ્ય રહ્યું છે. જે સરકારના મેક ઈન ઈન્ડિયા વિઝનને પણ ટેકો આપે છે. આ યુરો સિરામિક્સ સાગે બેવર્ડ ઈન્ટીગ્રેશન પરિપૂર્ણ બાથરૂમ નિવારણોની પ્રદાતા તરીકે અમારાં પરિમાણને મજબૂત બનાવીને અમને આગેવાન સ્થાન અપાવશે. આ પગલું અત્યંત નાંધનીય છે, કારણ કે તે વિશ્વ માટે ભારતમાં વિશ્વ કક્ષાનાં ઉત્પાદનો ઉત્પાદન કરવાના ગ્રુપના વિઝન પર ભાર આપે છે. તેનાથી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ સુધી રૂા. ૩૫૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કરવામાં અમને મદદ મળશે. ભચાઉ પ્લાન્ટ આઈએસઓ ૯૦૦૧ : ૨૦૦૮ એક્રેડિટેશન અને ક્યુએમએસ સિસ્ટમ સાથે એશિયામાં અત્યાધુનિક સ્વયંચાલિત સેનિટરી વેર પ્લાન્ટ્સમાંથી એક છે. તે સાકમી (ઈટાલી)ની ઉચ્ચ કક્ષાની અત્યાધુનિક પ્રોડક્શન ટેકનોલોજીથી સમૃધ્ધ છે, જે દુનિયાભરમાં સેરિમિક્સનાં ઉત્પાદન મશીનો માટે વિખ્યાત છે. બેજોડ બાથિંગ પ્રોડક્ટો આપવાના કંપનીના ધ્યેયની રેખામાં જેકવાર ગ્રુપ એકમની પ્રક્રિયા, ટેકનોલોજી, અને મશીનીંગમાં આધુનિકીકરણ અને અપગ્રેડેશનના ભાગરૂપે આગામી એક વર્ષમાં એકમમાં રૂા. ૭૫-૮૦ કરોડનું રોકાણ કરશે. આ અપગ્રેડેશનથી વર્તમાન એકમ નિર્માણ ક્ષમતા ૧.૨ મિલિયન સેનિટરીવેર નંગોથી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં ૧.૮ મિલિયન નંગો સુધી પહોંચી જશે.